


અમિત શાહ સોમનાથ મહાદેવના શરણે

વાંચો પેજ નં. 6

RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઈન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

Bharat Headline-Gujarati Morning Daily (Monday to Saturday) Rajkot

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 01 June 2024, Saturday | Page : 10 | Year : 1 | Issue : 193 | Price: 2/-



# આજે લોકસભા ચૂંટણીના અંતિમ તબક્કાનું મતદાન

### ઉત્તર પ્રદેશ, બિહાર, હિમાચલ પ્રદેશ, પંજાબ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને ચંદીગઢમાં મતદાનઃ વારાણસીથી વડાપ્રધાન મોદી મેદાનમાંઃ કંગના, રવિ કિશન, પવનસિંહ સહિતની હસ્તીઓનું ભાવિ EVMમાં કેદ થશે

ભારત હેડલાઈન, તા.૩૧

લોકસભા ચૂંટણી-૨૦૨૪ના સાતમા અને અંતિમ તબક્કામાં શનિવારે (૧ જૂન)ના રોજ ૭ રાજ્યો અને ૧ કેન્દ્રશાસિત પ્રદેશની ૫૭ બેઠકો પર મતદાન થશે. જ્યારે ૪ જૂનને મંગળવારે લોકસભા ચૂંટણીનું પરિણામ જાહેર થશે. ૨૦૧૯માં, આ બેઠકોમાંથી ભાજપ મહત્તમ ૨૫, TMC ૯, BJD ૪, JDU અને અપના દળ (S) ૨-૨, JMM માત્ર ૧ બેઠક જીતી શક્યું હતું. પંજાબને કારણે કોંગ્રેસને ૮ સીટો મળી હતી. આ તબક્કામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ૩ કેન્દ્રીય મંત્રી આરકે સિંહ, રવિશંકર પ્રસાદ અને અનુરાગ ઠાકુર મેદાનમાં છે. ૪ કલાકારો કંગના રનૌત, રવિ કિશન, પવન સિંહ, કાજલ નિષાદ પણ ચૂંટણી લડી રહ્યા છે. આ સિવાય મમતાના ભત્રીજા અભિષેક બેનર્જી, અફઝલ અંસારી, વિક્રમાદિત્ય સિંહ પણ પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર સાતમા તબક્કાની ચૂંટણીમાં ૯૦૪ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. જેમાં ૮૦૯ પુરૂષ અને ૯૫ મહિલા ઉમેદવારો છે. આ તબક્કામાં સૌથી ધનિક ઉમેદવાર હરસિમરત કૌર બાદલ છે, જે પંજાબના ભટિંડાના ઉમેદવાર છે. તેમની પાસે ૧૯૮ કરોડ રૂપિયાની સંપત્તિ છે.

1991ની શરૂઆત બાદ પ્રથમ વખત આટલા મોટે પાયે સોનું પાછું આવ્યું

# RBIએ બ્રિટનમાંથી 100 ટન સોનું પરત મગાવ્યું



ભારત હેડલાઈન, તા.૩૧

ભારતીય રિઝર્વ બેંક, એટલે કે RBIએ બ્રિટનમાંથી તેનું ૧૦૦ ટન (આશરે ૧ લાખ કિલો) સોનું પાછું મગાવ્યું છે. ૧૯૯૧ની શરૂઆત પછી આ પ્રથમ વખત છે, જ્યારે આટલા મોટે પાયે સોનું ભારતના ભંડારમાં પાછું આવ્યું છે.

તાજેતરના ડેટા અનુસાર, માર્ચ ૨૦૨૪ના અંત સુધીમાં RBI પાસે કુલ ૮૨૨.૧ ટન સોનું હતું, જેમાંથી ૪૧૩.૮ ટન વિદેશમાં જમા કરવામાં આવ્યું હતું. RBI એ કેન્દ્રીય બેંકોમાંની એક છે, જે છેલ્લા કેટલાંક વર્ષોમાં સોનાની ખરીદી કરી રહી છે. ગત નાણાકીય વર્ષમાં રિઝર્વ બેંકના સોનાના ભંડારમાં ૨૭.૫ ટનનો વધારો થયો છે.

ભારતમાં ૧૦૦ ટન સોનું લાવવા માટે મહિનાઓનું આયોજન કરવામાં આવ્યું અને પછી આખી યોજનાને અમલમાં મૂકવામાં આવી. નાણાં મંત્રાલય, RBI અને સરકારની અન્ય વિંગ સાથે લોકલ ઓથોરિટીઝ સામેલ રહી. RBIને ભારતમાં સોનું લાવવા માટે કસ્ટમ ડ્યૂટીમાં છૂટ મળી છે.

# ઉત્તરપ્રદેશમાં ભીષણ ગરમીનો કહેરઃ મતદાન કરાવવા માટે પહોંચેલા 11 કર્મચારીઓના મોત, અનેક બીમાર

ભારત હેડલાઈન, તા.૩૧

ભીષણ ગરમી વચ્ચે લોકસભા ચૂંટણી પોતાના અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. શનિવારે થનારા મતદાન માટે પહોંચેલા કર્મચારીઓ પર ગરમીનો કહેર જોવા મળ્યો. હીટવેવથી ત્રણ જિલ્લામાં જ ૧૧ મતદાનકર્મીઓના મોત થઈ ગયા છે. સૌથી વધુ મિર્ઝાપુરમાં સાત મતદાનકર્મી ભીષણ ગરમી



સહન ન કરી શક્યા અને જીવ ગુમાવ્યા. આ ઉપરાંત પાડોસી જિલ્લા સોનભદ્રમાં ત્રણ મતદાનકર્મીઓના જીવ ગયા છે. એક મતદાનકર્મીનું વારાણસીમાં મોત થયું છે. ત્રણેય જિલ્લામાં અનેક લોકો બીમાર પણ છે. એવામાં મૃત્યુઆંક વધશે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

મિર્ઝાપુર બ્યૂરો મુજબ હીટવેવનો શિકાર થયેલા લોકોમાં સીએમઓ ઓફિસના કર્મચારી શિવપૂજન શ્રીવાસ્તવ (૫૬ વર્ષ), હોમગાર્ડ રામ કરણ (૫૫ વર્ષ), ત્રિભુવન સિંહ (૫૦ વર્ષ), રામ જિયાવન યાદવ (૫૫ વર્ષ), સત્ય પ્રકાશ (૫૨ વર્ષ) ઉપરાંત રોડવેજ બસના કન્ડક્ટર અવનીશ પાડે (૫૫ વર્ષ) અને જિલ્લા પંચાયતના સફાઈકર્મી રવિ પ્રકાશ (૪૦ વર્ષ) સામેલ છે. આ તમામ કર્મચારીઓની તબિયત પોલિટેક્નિક કોલેજમાં બગડી. અહીંથી પોલિંગ પાર્ટીઓની રવાનગી થઈ રહી હતી.




## અગ્નિકાંડ મામલે મોટી કાર્યવાહી

# રાજકોટ મનપાના વધુ 3 અધિકારીને CID ક્રાઈમે પૂછપરછ માટે ઉઠાવ્યા?!

ભારત હેડલાઈન, તા.૩૧

TRP ગેમ ઝોન અગ્નિકાંડના બનાવે વહીવટી તંત્રને ધ્રુજાવી દીધું છે. સરકાર દ્વારા જવાબદાર અલગ-અલગ વિભાગના અધિકારીઓ અને કર્મચારી વિરુદ્ધ સખ્ત કાર્યવાહીના આદેશ જારી કરતાં જીણવટભરી તપાસ શરૂ કરવામાં આવી છે. જેમાં મહાનગરપાલિકા, PGVCL અને આર એન્ડ બી વિભાગના અનેક અધિકારીઓને સસ્પેન્ડ કર્યા બાદ અમુક જવાબદાર અધિકારીઓની ધરપકડ પણ કરવામાં આવી છે. છેલ્લા છ દિવસથી ચાલતી તપાસમાં દરરોજ નવા-નવા નામો બહાર આવી રહ્યા છે. જેમાં આજે પણ મહાનગરપાલિકાના વધુ ૩ અધિકારીઓને CID ક્રાઈમ દ્વારા પૂછપરછ માટે ઉઠાવી લીધાનું જાણવા મળેલ છે. અગ્નિકાંડમાં અનેક વિભાગની બેદરકારીઓ સામે આવી છે. જેના પગલે કોર્ટની સૂચના બાદ સરકારે પણ બનાવમાં જવાબદાર હોય તેવા તમામ નાના-મોટા અધિકારીઓ અને કર્મચારીઓ સામે કડક પગલા ભરવાના આદેશ કરી SITની રચના કરી છે. આ ઉપરાંત CID ક્રાઈમ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચને તપાસનું સુકાન સોંપવામાં આવ્યું છે. જેમાં પ્રથમ સાત અલગ-અલગ વિભાગના બેજવાબદાર અધિકારીઓને સસ્પેન્ડ કર્યા બાદ પોલીસ વિભાગના કમિશનર તેમજ PI સહિતના અને મહાનગરપાલિકાના કમિશનરની બદલી કરવામા આવી છે. જ્યારે બનાવમાં સીધી રીતે સંડોવાયેલા હોય તેવા મહાનગરપાલિકાના ટીપી વિભાગના ત્રણ અને ફાયર વિભાગના એક અધિકારીની ધરપકડ કરી રિમાન્ડ મેળવી લેવાયા છે.

## TP અને ફાયર વિભાગના 65થી વધુ અધિકારી-કર્મચારીઓની કોલ ડિટેઈલ કઢાવવા તૈયારી

અગ્નિકાંડમાં જવાબદાર મહાપાલિકાના કર્મચારીઓ અને અધિકારીઓ વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમાં સસ્પેન્ડ કરવામાં આવેલ અધિકારીઓ અને ધરપકડ કરાયેલ અધિકારીઓ તેમજ ગઈકાલે બે વિભાગમાંથી અન્ય કર્મચારીઓના નામની યાદી તૈયાર કરવામાં આવી છે. આ તમામ અધિાકરીઓ અને કર્મચારીઓના કોલ ડિટેઈલ કઢાવવાની તૈયારી CID ક્રાઈમ દ્વારા કરવામા આવી હોવાનું જાણવા મળેલ છે. આગામી દિવસોમાં કોલ ડિટેલના આધારે જવાબદાર અધિકારીઓ દ્વારા કર્મચારીઓએ તેમના વતી કરેલ શંકાસ્પદ કોલની તમામ વિગત ખુલવા પામશે તેમજ ક્યા પ્રકારની વાતચીત અને ક્યા પ્રકારનો વહીવટ થયો છે, તે તમામ વિગત CID ક્રાઈમને પ્રાપ્ત થશે. જેના આધારે આગામી દિવસોમાં વધુ લોકોની ધરપકડ થવાની શક્યતા છે.

# અગ્નિકાંડના ચારેય આરોપી અધિકારીના 12 દિવસના રિમાન્ડ મંજૂર કરતી કોર્ટ



- નીચી મૂંડી કરી ચારેય આરોપી કોર્ટની બહાર આવ્યા
- 1 જૂને SIT કરશે 10 લોકોની પૂછપરછ

ભારત હેડલાઈન, તા.૩૧

રાજકોટ TRP ગેમ ઝોન અગ્નિકાંડમાં ૨૭ લોકોનાં મોત મામલે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તપાસ કરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં રાજકોટ મહાનગરપાલિકાના ૪ અધિકારી જવાબદાર હોવાનું સ્પષ્ટ થયું હતું. જેને લઈને ચારેય અધિકારીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવ્યા બાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં રાજકોટ મનપાના તત્કાલીન ટીપીઓ (ટાઉન પ્લાનિંગ ઓફિસર) મનસુખ સાગઠિયા, એટીપીઓ (આસિસ્ટન્ટ ટાઉન પ્લાનિંગ ઓફિસર) મુકેશ મકવાણા અને ગૌતમ જોષી તેમજ ફાયર સ્ટેશન ઓફિસર રોહિત વિગોરા સામે પોલીસ ફરિયાદ નોંધીને તેમની ધરપકડ કરાઈ હતી. મનપા બાદ હવે પોલીસ વિભાગના અધિકારીઓ સામે કાર્યવાહી થઈ શકે તેવું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. ત્યારે આજે આ તમામ આરોપી અધિકારીઓને કોર્ટમાં રજૂ કરાયા હતા અને ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરાઈ હતી. જોકે કોર્ટે બન્ને પક્ષોની દલીલો સાંભળી ૧૨ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

રાજકોટ અગ્નિકાંડ મામલે ૬ લોકોની અલગ-અલગ તબક્કામાં પૂછપરછ કરવામાં આવી હતી. હવે રાજકોટ પોલીસ, કોર્પોરેશન અને ફાયર વિભાગના કર્મચારીઓ સહિત ૧૦ લોકોને એસઆઈટીનું તેડું આવ્યું છે અને તેમની ૧ જૂને પૂછપરછ કરવામાં આવશે.

રાજકોટ મનપાના તત્કાલીન ટીપીઓ (ટાઉન પ્લાનિંગ ઓફિસર) મનસુખ સાગઠિયા, એટીપીઓ (આસિસ્ટન્ટ ટાઉન પ્લાનિંગ ઓફિસર) મુકેશ મકવાણા અને ગૌતમ જોષી તેમજ ફાયર સ્ટેશન ઓફિસર રોહિત વિગોરાના ૧૨ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા બાદ કોર્ટ બહાર લાવવામાં આવ્યા હતા. આ સમયે તમામના ચહેરા પડી ગયેલા હતા.

## અમિત શાહે હીરાસર એરપોર્ટ પર અધિકારીઓ સાથે મુલાકાત કરી માહિતી મેળવી

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે હીરાસર એરપોર્ટ ખાતે ૪૦ મિનિટ સુધી રોકાણ કર્યું હતું. જ્યાં તેમણે ટીઆરપી ગેમ ઝોન મામલે ચાલી રહેલી તપાસ અંગે માહિતી મેળવી હતી. અમિત શાહે રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, કલેકટર પ્રભવ જોશી અને મ્યુનિસિપલ કમિશનર ડી. પી. દેસાઈ સાથે વાતચીત કરી હતી.

# રાજકોટમાં વધુ ૧૭ સ્કૂલ, ખાનગી બેંક સહિત આજે ૩૧ બિલ્ડિંગને સીલ કરાઈ

## ધ કો-ઓપરેટીવ, કોટક મહિન્દ્રા બેંક, એટીએમમાં પણ મનપાની કાર્યવાહીઃ ૧૮ વોર્ડમાં ચેકિંગ ચાલુ

## પી એન્ડ બી સ્કૂલ, મુરલીધર, શિવશકિત, ન્યુ એરા, નોબલ, ક્રિષ્ના, અમૃત, શારદા, લિટલ કિડસને તાળા

ભારત હેડલાઇન, તા.૩૧

TRP ગેમ ઝોન અગ્નિકાંડ બાદ ફાયર NOC અને BU સર્ટી અંગે મ્યુનિસિપલ કમિશનરે કડક ઝુંબેશ હાથ ધરી છે. જેમાં આજરોજ બે બેંક, ૧૪ સ્કૂલ, પટેલ સમાજનું બિલ્ડિંગ સહિત ૩૧ મિલકતો સીલ કરી તમામના વીજ જોડાણ કાપવામાં આવ્યા હતાં. ગઈકાલથી શરૂ થયેલ ઝુંબેશમાં ફક્ત દોઢ દિવસમાં ૭૪ એકમોને સીલ મારી ૩૬ એકમોને નોટિસ ફટકારાઈ હતી.

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ હોસ્પિટલ, બિલ્ડિંગ, ટયુશન કલાસીસ, મોલ અને શોપિંગ કોમ્પલેક્ષ, કોમ્યુનિટી હોલ, ઓડીટોરિયમ, સિનેમા હોલ, વોટર પાર્ક તથા અન્ય જાહેર સ્થળ તથા જ્યાં પબ્લિક એકત્ર થતી હોય તે વિસ્તારની ફાયર સેફટીની ચકાસણી કરવા માટે મ્યુનિ. કમિશનર દેવાંગ દેસાઈ દ્વારા દરેક વોર્ડ દીઠ એક એક વોર્ડ કમિટીની રચના કરવામાં આવેલ છે. આ વોર્ડ કમિટી દ્વારા ઝુંબેશના રૂપમાં ચકાસણીની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજ તા.૩૧-૦૫-૨૦૨૪ના રોજ હાથ ધરાયેલ કામગીરી દરમ્યાન વિવિધ વોર્ડની ટીમોએ કુલ ૮૫ એકમોની ચકાસણી કરી હતી. જેમાં ફાયર NOC નહીં ધરાવતા કુલ ૩૧ સંકુલો સીલ કરવામાં આવ્યા છે, જયારે ૨૯ એકમોને નોટિસ આપવામાં આવેલ છે. આ ઝુંબેશ દરમ્યાન વોર્ડ કમિટીના સભ્યો દ્વારા વિવિધ બાબતોની ચકાસણી કરવામાં આવનાર છે.

### ક્યા-ક્યા એકમોને સીલ કરાયા?

- વોર્ડ નં. ૧માં શ્રી રામ પ્લાયવુડ, ભારતી મહાવિદ્યાલય (શીતલ પાર્ક પાસે), પટેલ ઈન્ટીરિયર
- વોર્ડ નં.૨માં હોટલ નોવા
- વોર્ડ નં. ૪માં સેવા નર્સિંગ હોમ
- વોર્ડ નં. ૫માં સમસ્ત લેવા પટેલ સમાજ, પી.બી.પટેલ સ્કૂલ
- વોર્ડ નં. ૬માં શ્રી મુરલીધર વિદ્યાલય, શિવ શક્તિ સ્કૂલ
- વોર્ડ નં. ૭માં પી.એન્ડ બી. સ્કૂલ
- વોર્ડ નં. ૮માં ન્યુ એરા સ્કૂલ
- વોર્ડ નં.૯માં નોબલ પ્રિ-સ્કૂલનો છેલ્લો માળ
- વોર્ડ નં. ૧૦માં જલક એન્ટરપ્રાઇઝ, ગુરુકૃપા ગ્રેનાઈટ એન્ડ સિરામિક, ઓન ટ્રેન્ડ, હઝારડોઝ ગોડાઉન, જી.ટી.શેઠ સ્કૂલ
- વોર્ડ નં.૧૧માં ક્રિષ્ના સ્કૂલ (૧૫૦ ફૂટ રિંગ રોડ), એસ.કે.પી.સ્કૂલના બેઝમેન્ટને, જયકિશન સ્કૂલ
- વોર્ડ નં.૧૨માં જલજીત વેલનેસ ધ જીમ વર્લ્ડ કલબ, ધ કો-ઓપરેટીવ બેંક, પૂજા ઢોસા, શિવમ વુડ આર્ટ
- વોર્ડ નં.૧૩માં શ્રી અમૃત વિદ્યા મંદિર, કોટક મહિન્દ્ર બેંક અને તેનું ATM
- વોર્ડ નં.૧૫માં આવેલ સાગર હોલ, બુનિયાદ સ્કૂલ
- વોર્ડ નં.૧૬માં શારદા પ્રાથમિક સ્કૂલ બિલ્ડિંગ, કોટક મહિન્દ્ર બેંક, બજાજ ફાઈનાન્સ, સ્માઈલ ડેન્ટલ હોસ્પિટલ
- વોર્ડ નં.૧૭માં અંજલી સ્કૂલ, ડ્રીમ ઈન્ડિયા સ્કૂલ
- વોર્ડ નં.૧૮માં વિવેકાનંદ વિદ્યાલય, લીટલ કિડ્સ પ્રિ-સ્કૂલ, બ્રામ્હણ હોલ યુનિટ-૧ થી ૬

# સૌરાષ્ટ્ર યુનિ.પાસે NOC જ નથી, વિદ્યાર્થીઓ સહિતના ૪૦૦૦થી વધુ લોકોના જીવ પર જોખમ

ભારત હેડલાઇન, તા.૩૧

રાજકોટ TRP ગેમ ઝોન અગ્નિકાંડમાં ૨૫થી વધુ લોકો હોમાઈ ગયાની કરુણાંતિકાએ દેશભરને હચમચાવી નાખ્યો છે. આ ગંભીર ઘટના બાદ હાઈકોર્ટે આદેશ આપતા મહાનગરપાલિકા તંત્ર દ્વારા ઠેર-ઠેર તપાસ કરવામાં આવી રહી છે. જેમાં ૩૧ મેના રોજ સામે આવ્યું છે કે, ભ્રષ્ટાચાર, પેપર ફૂટવા સહિતના વિવાદોથી સળગતી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં જ ફાયર એનઓસી નથી. યુનિવર્સિટીના ૨૯ ભવનોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, અધ્યાપકો, વહિવટી કર્મચારીઓ સહિતના ચાર હજારથી વધુ લોકોના જીવને જોખમ સર્જાયું છે. દેશના ભાવિનું જ્યાથી ઘડતર થાય તેવા વિદ્યાના મંદિરમાં જ જો લોકો સુરક્ષિત ન હોય તો બીજા સ્થળની તો શું વાત જ કરવી.

આ બાબતે જ્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલસચિવ રમેશ પરમારનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મેઈન બિલ્ડિંગનું ફાયર ગધઈ નથી અને તે બાબતે અરજી કરવામાં આવશે. જ્યારે અમુક જગ્યાએ ફાયર એક્સટિંગ્વિશરની અવધિ પૂર્ણ થઈ ગઈ છે, તેને રિફિલ કરાવી દઈશું. જ્યા જરૂર હશે ત્યાં વધુ ફાયર એક્સટિંગ્વિશર મુકાવી દઈશું. ગુજરાત ફાયર લાયસન્સ, જેને ફાયર સેફ્ટી સર્ટિફિકેટ અથવા ગધઈ (નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ) તરીકે પણ ઓળખવામાં આવે છે. આ એક દસ્તાવેજ છે જે દર્શાવે છે કે, કોઈ ઈમારત કે સ્થાપન ફાયર સલામતીના નિયમોનું પાલન કરે છે. જોકે, આ પ્રકારનું ફાયર ગધઈ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પાસે ન હોવાનું સામે આવ્યું છે. જોકે, તાજેતરમાં બનેલી TRP ગેમ ઝોનમાં અગ્નિકાંડની ગંભીર દુર્ઘટના બાદ ફાયર ગધઈ મેળવવા માટેની અરજી મહાનગરપાલિકામાં કરવા માટે યુનિ.નું તંત્ર જાગ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.

# ગોંડલના ધારાસભ્યના પુત્ર ગણેશ જાડેજા વિરુદ્ધ ફરિયાદ, કોંગ્રેસ નેતાનું અપહરણ કરી માર માર્યો





ભારત હેડલાઇન, તા.૩૧

ગોંડલના ભાજપના ધારાસભ્ય ગીતાબા જાડેજા અને પૂર્વ ધારાસભ્ય જયરાજસિંહ જાડેજાના પુત્ર ગણેશ જાડેજાની દાદાગીરીનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં ગણેશ જાડેજાએ કોંગ્રેસના એક નેતાનું અપહરણ કરીને તેને ઢોર માર માર્યો છે. સમગ્ર મામલે જૂનાગઢ પોલીસ સ્ટેશનમાં એટ્રોસીટી હેઠળ ફરિયાદ પણ દાખલ કરવામાં આવી છે. હાલ કોંગ્રેસના નેતા જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે હોવાનું બહાર આવ્યું છે.

બનાવ અંગે મળતી વિગત મુજબ જૂનાગઢના દાદર રોડ પર સંજય રાજુભાઈ સોલંકી (ઉંમર ૨૬) રહે છે. સંજય સોલંકી કોરિયોગ્રાફી કરે છે અને કોંગ્રેસ યુવા પાંખ NSUI સાથે પણ સંકળાયેલા છે. જૂનાગઢમાં રાત્રે તેઓ તેમના પુત્ર સાથે પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમની નજીક અચાનક જ એક ફોર વ્હીલર ખૂબ જ જોખમી રીતે રોકવામાં આવી હતી. જેથી સંજયભાઈ ગભરાયા હતા અને કાર સરખી રીતે ચલાવવા જણાવ્યું હતું.


સંજયભાઈ દ્વારા કાર સરખી રીતે ચલાવવાનું કહેતા કારમાં સવાર લોકો ઉશ્કેરાય ગયા હતા અને સજંયભાઈનું અપહરણ કરી કારમાં લઇ ગયા હતા અને ઢોર માર માર્યો હતો. બાદમાં ભેસાણ ચોકડી પાસે છોડી દીધા હતા. ઈજાગ્રસ્ત સંજયભાઈને સારવાર અર્થે જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બાદમાં તેમણે જૂનાગઢ પોલીસ સ્ટેશનમાં ગણેશ જાડેજા સહિત ૧૦ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

## કાગડા બધે કાળા : મનપાના પદાધિકારીઓના પેટમાં પાણી હલતું નથી..!!?

# અગ્નિકાંડના આકાઓનો હજુ વાળ વાંકો નથી થયો ત્યાં મવડીની ટીપી સ્કીમ-૩પમાં મોટો ભ્રષ્ટાચાર થયાનો આક્ષેપ

ભારત હેડલાઇન, તા.૩૧

આર્થિક વ્યવહારથી ખદબદતી આ રાજકોટ ટીપી શાખાએ મવડીની ટીપીમાં કરોડો રૂપિયા છાપ્યા છે ત્યારે એક એક બિલ્ડર વેપારીની તપાસ કરવામાં આવે અને જેમને સેટિંગ કર્યા છે એમની વિગત ખુલી પાડી શાખાના ભ્રષ્ટાચારને ખુલ્લો પાડવામાં આવે અને ગાંધીનગરમાં રહેલી ટીપી સ્કીમ અંગે સરકાર તપાસ કરાવે અને અમલવારી રોકાવે તેવી માંગણી ઉઠવા પામી છે.



- નેતાઓ અને અધિકારીઓએ ખેડૂતોને નુકસાન થાય એવા ફેરફાર કરાવ્યા
- મનપા અને સરકાર કક્ષાએ ફરી તપાસ કરવા રજૂઆત, સેટીંગનું કેન્દ્રબિંદુ 'એસ્ટ્રોન ચોક'

રાજકોટની ટીપી શાખાના ભ્રષ્ટાચાર સામે એસીબી અને પોલીસ તંત્રએ ઉંડી તપાસ શરૂ કરી છે ત્યારે મવડીની ટીપી સ્કીમ નં.૩૫માં જે તે વખતના નેતાઓ અને અધિકારીઓની સાઠગાંઠથી ફેરફારો કરીને મોટા સેટીંગ કરવામાં આવ્યાના આક્ષેપો હવે થવા લાગ્યા છે. રાજકોટના મવડીની ટીપી ૩૫ નંબરમાં ડ્રાફ્ટિંગ થયાના સમયે અનેક મોટા સેટીંગો ખેડૂતો અને બિલ્ડરો દ્વારા કરવામાં આવ્યા હતા. આ ટીપી હાલમાં ગાંધીનગર મંજૂરી અર્થે મોકલવામાં આવી છે. આ ટીપી ૩૫ માં ગેરકાયદેસર વેપારી અને બિલ્ડરના ખેતરને રોડ પર કરી આપવામાં આવ્યા હતા તો એમની ખેતરની બાજુમાં મસ મોટા રોડ મૂકવામાં આવ્યા હતા. એટલું જ નહિ આ અગાઉ પણ હાલનો ૧૫૦ ફૂટનો રોડ પણ મસમોટા સેટિંગથી જ કાઢવામાં આવ્યો હતો તો ટીપી ૩૫ માં નાના ખેડૂતોના ખેતર ફરતે એસઇડબલ્યુએસ કેટેગરીના કવાર્ટર બેસાડવામાં આવ્યા છે તો બિલ્ડર અને મોટા વેપારીના ખેતર ફરતે પૈસા ના જોરે બાગ બગીચા અને અન્ય કેટેગરીના કે વેચાણ અર્થે પ્લોટ રિઝર્વ રાખવામાં આવ્યા છે. ખેતરોની આગળ મસ મોટા રોડ આપ્યા છે. જ્યાં ખેતર હતું ત્યાંથી રોડ પર લાવી દેવામાં આવ્યું છે. આર્થિક વ્યવહારથી ખદબદતી આ રાજકોટ ટીપી શાખાએ મવડીની ટીપીમાં કરોડો રૂપિયા છાપ્યા છે ત્યારે એક એક બિલ્ડર વેપારીની તપાસ કરવામાં આવે અને જેમને સેટિંગ કર્યા છે એમની વિગત ખુલી પાડી શાખાના ભ્રષ્ટાચારને ખુલ્લો પાડવામાં આવે અને ગાંધીનગરમાં રહેલી ટીપી સ્કીમ અંગે સરકાર તપાસ કરાવે અને અમલવારી રોકાવે તેવી માંગણી કરવામાં આવી છે. આવા અનેક વ્યવહારો અને સેટીંગ એસ્ટ્રોન ચોકમાંથી ચાલતો હોવાનો આક્ષેપ છે.

## શેરબજારમાં રૂપિયા હારી જતા વેપારીએ દુકાનમાં જ ફાંસો ખાઈ આપઘાત કર્યો

ભારત હેડલાઇન, તા.૩૧

રાજકોટના નાનામવા રોડ પર ફ્રેન્ડસ ટેકનોલોજી નામની લેઝર ઈન્ક એન્ડ પ્રિન્ટર્સ નામની દુકાન ધરાવતા વેપારીએ પોતાની દુકાનમાં જ ફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ હતી. શહેરમાં મવડી વિસ્તારમાં રહેતા સંદીપભાઈ ઠાકરશીભાઈ રોકડ ઉ.૩૫ ગત સાંજે નાનામવા રોડ પર મોકાજી સર્કલ પાસે આવેલ દ્વારકેશ કોમ્પલેક્ષમાં ફ્રેન્ડસ ટેકનોલોજી નામની પોતાની દુકાનમાં ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો પરીવારજનોએ ફોન કરતા ફોન ન ઉપાડતા હોય કોમ્પલેક્ષના સીકયુરીટીમેનને તપાસ કરવાનું કહેતા તેણે બારીમાંથી જોતાં સંદીપભાઈ ફાંસો ખાધેલી હાલતમાં જોવા મળતા પોલીસને જાણ કરતા પરીવારજનો અને તાલુકા પોલીસ મથકનો સ્ટાફ દોડી આવ્યો હતો ૧૦૮ની ટીમે વેપારીને જોઇ તપાસી મૃત જાહેર કર્યા હતા મૃતક શેરબજારમાં રૂપિયા હારી જતા પગલું ભર્યાનું પ્રાથમીક તપાસમાં બહાર આવ્યું છે યુવકના મોતથી એક પૂત્રીએ પિતાનું છત્ર ગુમાવતાં પરિવારમાં શોક વ્યાપી ગયો છે.

## 'નમાઝ પઢવા જાવ છું' કહી રૂમમાં જઈ સગર્ભાનો આપઘાત

ભારત હેડલાઇન, તા.૩૧

રાજકોટના રામનાથપરામાં રહેતા વૈદારબેન રમઝાનભાઈ હોથી(ઉ.૩૪) નામની સગર્ભાએ રૂમમાં નમાઝ પઢવા જાઉં છું, તેમ કહીં રૂમમાં જઈ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. બનાવન જાણ થતાં એ ડિવિઝન પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો પ્રાથમિક તપાસમાં વૈદારબેન રમઝાનભાઈ હોથીના ૬ માસ પહેલા જ લગ્ન થયા હતા દરમિયાન તેઓ માનસિક અસ્વસ્થ રહેતા હોવાથી દવા ચાલુ હતી દિવસો જતા તેણી સગર્ભા થઈ હતી હાલ પાંચ માસનો ગર્ભ હતો ગર્ભાવસ્થાના કારણે તેની માનસિક અસ્વસ્થની બીમારીની દવા બંધ થઈ હતી જેથી તે ચિંતિત રહેતી કે, આ દવા બંધ થઈ છે તો હવે તેનું અને તેના આવનાર બાળકનું શું થશે આ ચિંતામાં જ રૂમમાં પંખા સાથે ચૂંદડી બાંધી ગળાફાંસો લગાવી લીધો હતો.

# ભાજપને ગુજરાતની ૨૬માંથી ૨૬ સીટ અને ભારતમાં ૪૦૪+ બેઠક મળશે



# લોક્સભાની હાલમાં થયેલી ચૂંટણીમાં દેશની પ્રજા માટે ભાજપ સિવાય કોઇ વિક્લ્પ હતો જ નહીં

## ત્રીજી ટર્મમાં મોદી સરકારે દેશના આગામી ૧૦૦૦ વર્ષના મજબુત અને ઉજજવળ ભવિષ્યનો પાયો નાખશે

ભારત હેડલાઇન, તા.૩૧

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી માનવ સુખાકારી અને સર્વક્ષેત્રિય વિકાસના આદર્શ પુરૂષ છે. મોદીજીના નેતૃત્વમાં ભાજપ સરકારે ગુજરાત અને દેશભરમાં અભુતપુર્વ વિકાસ કર્યો છે, જેની વિદેશોમાં પણ પ્રસંશા થાય છે. નરેન્દ્રના જીવનમાં નિષ્ફળતાને કોઈ સ્થાન નથી. સક્ષમ રાજપુરૂષ છે. ગુજરાત અને દેશના ૨૨ વર્ષના અધિકૃત શાસનમાં નરેન્દ્ર મોદીએ ગુજરાતની પ્રજાને ગૌરવ અપાવે એવુ દાયીત્વ નિભાવ્યુ છે. ભારત સહિત વિશ્વભરમાં કોમી એકતાની મોદીજીની મહેચ્છા સમયોચિત અને આવકાર્ય છે.



લેખક
આરીફ કાલવા

આખો દેશ કહી રહ્યો છે કે,અબ કી બાર મોદી સરકાર આગામી ત્રીજી ટર્મ માટે ભાજપની જીત નિશ્ચિત છે. લોકસભાની હાલમાં થયેલી ચૂંટણીમાં દેશની પ્રજા માટે ભાજપ સિવાય કોઈ વિકલ્પ હતો જ નહીં, ગુજરાત ભારતના ૨૨ વર્ષના શાસનમાં નરેન્દ્ર મોદીએ ભારતીય જનતા પક્ષને સંગઠિત અને લોકપ્રિય કર્યો છે, તેમની અનેક સિધ્ધિઓ, વિકાસ કાર્યો અને પક્ષના સંપ અને શિસ્તથી દેશની જનતા પ્રભાવિત છે, આગામી લોકસભાની ચૂંટણીમાં દેશની કદરદાન જનતા ભાજપ તરફી વધુ મતદાન કરેલ છે, એમા કોઈ શંકાને સ્થાન નથી. આઝાદી પછી મુસ્લીમ મતદારોનો અમુક વર્ગ હંમેશા મતદાનથી વિમુખ રહ્યો છે, આ વર્ગ પણ હવે જાગૃત થયો છે. નરેન્દ્રભાઈ મોદીના કોમી એકતાના ખ્યાલને સાકાર કરવા આ નવા મુસ્લીમ મતદારો ભારત તરફે મતદાન કરેલ છે એવો સમગ્ર ભારતના મુસ્લીમ સમાજનો સર્વમતે અભ્યાસ છે. નરેન્દ્ર મોદીએ કેન્દ્ર સરકારના ૧૦ વર્ષના શાસનમાં લોકો પ્રસન્ન થાય એવા અનેક યાદગાર કાર્યો કર્યા છે, જેમા તાજેતરમાં ભગવાન રામની પ્રાચી નગરી અયોધ્યામાં રામ મંદિર નિર્માણનો ત્રણ દાયકા પહેલા કરેલો સંકલ્પ તેમણે પુરો કર્યો છે, ભગવાન રામ પુનરાગમનથી દેશની જનતાએ નરેન્દ્રને લાખ લાખ ધન્યવાદ આપ્યા છે. આ સંદર્ભમાં નરેન્દ્રના હ્દય ઉદ્ગારો છે કે, કાળચક્ર બદલાય રહ્યુ છે, હજારો વર્ષ પછી આપણા આ રામમંદિર નિર્માણને તત્કાલીન યુગના લોકો યાદ કરશે. આવુ જ એક ઈતિહાસના પાને લખાય એવુ કામ નરેન્દ્રએ સૌરાષ્ટ્રમાં કર્યુ છે. ભગવાન કૃષ્ણની ભુમિ સૌરાષ્ટ્રના સુપ્રસિધ્ધ તીર્થધામ બે દ્વારકાને જોડતા દેશના સૌ પ્રથમ વક્રઆકારના સૌર ઉર્જા ઉત્પન્ન કરવાની સુવિધા સાથેના દેશના સૌથી લાંબા કેબલ સ્ટેઈડ બ્રીજ સુદર્શન સેતુ નાગરિકોને અર્પણ કરીને સૌરાષ્ટ્ર ગુજરાત અને દેશ વિદેશના કૃષ્ણપ્રેમી દર્શનાર્થીઓના થી મોદી એ દીલ જીતી લીધા છે. મોદીજીનુ આ ઋણ લોકો દેશની જાહેર ચૂંટણીઓમા ભૂલે ખરા ? ના ભૂલે.

મોદીજીએ તેમના ગુજરાતના શાસન દરમ્યાન એક અદભૂત ઐતિહાસિક કાર્ય કર્યું છે, ગુજરાતના કેવડીયા પાસે તેમને ભારત દેશના પ્રથમ કેન્દ્રીય ગૃહ મંત્રી, લોખંડી પુરૂષ સરદાર વલ્લભ પટેલની ૫૯૭ ફટ ઊંચી પ્રતિમા સ્થાપિત કરીને દેશ વિદેશના પ્રવાસીઓ માટે ફરવાના સ્થળનુ નિર્માણ કર્યુ છે. આ તમામ બાબતે અભ્યાસ એ ઉકેલ માટે મનોમંથન કરીને નરેન્દ્ર મોદીએ ૨૦૦૨ ની સાલથી જાહેર જીવનમાં સક્રિયતાપૂર્વક પ્રવેશ કર્યો, તેવો પ્રથમ ચૂંટણી રાજકોટથી લડયા, રાજકોટે ૪૫ હજાર મતે મોદીનુ રાજકીય ભાવિ ઘડયુ, તેમના આ પ્રથમ ચૂંટણી વિજયને ૨૨ વર્ષ પૂર્ણ થયા. સન-૨૦૧૪ સુધી ગુજરાતના મુખ્યમંત્રી અને ત્યારબાદ છેલ્લા ૧૦ વર્ષથી દેશના વડાપ્રધાનના સર્વોચ્ચપદે છે. આજે તેમની દ્રષ્ટી, કાર્યપધ્ધતિ અને લોકસેવાને કારણે વિશ્વભરમાં તેમનું નામ ગુંજી રહ્યુ છે. હવે તેમને કોઈ પણ ચૂંટણીમાં પરાજીત કરવા શક્ય નથી, ભાજપ આ એક વ્યકિતની પ્રતિભાનો પક્ષ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તેમના કેન્દ્રના શાસનની બીજી ટર્મના છેલ્લા સંબોધનમાં વિશ્વાસ વ્યકત કરતા કહ્યુ કે, આગામી લોકસભાની ચૂંટણીમાં ત્રીજી ટર્મ માટે ભાજપની જીત નિશ્ચિત છે, બે ટર્મનુ પ્રજાલક્ષી શાસન, અનેક વિકાસ કાર્યો ભાજપના વિજયના ભાવિ પરિબળો છે, આજે આખો દેશ કહી રહ્યો છે કે, અબ બી બાર મોદી સરકાર દેશનો મિજાજ જોતા મને વિશ્વાસ છે કે, આગામી લોકસભાની ભાજપને ગુજરાતની ૨૬માંથી ૨૬ શીટ અને ભારતમાં ૪૦૪+ બેઠકો મળશે. તેમણે સંબોધનમાં ઉમેરતા કહ્યુ કે, ભાજપ શાસનની ત્રીજી ટર્મ તો કાર્યક્રમ ખૂબ જ મહત્વનો રહેશે, એમા દેશના આગામી ૧૦૦૦ વર્ષના મજબુત અને ઉજજવળ ભવિષ્યનો પાયો નખાશે. દેશના ભાજપ આગેવાનો અને ભાજપ પક્ષની કેન્દ્રીય કેબીનેટ સમક્ષ નરેન્દ્રનુ આ સંબોધન ધારણા મુજબનુ પરિણામલક્ષી રહેશે.

નરેન્દ્ર મોદીનું વિશાળ અને નિર્ભેદ માણસ છે, તેમની માનસિકતામાં જ્ઞાતિ જાતિના ભેદભાવ નથી, તેનુ દર્શન તાજેતરમાં જ અબુધાભીમાં વિશ્વની પ્રજાને થયુ. અહિ તેમણે પ્રથમ ભવ્ય હિન્દુ મંદિર ખુલ્લુ મકયુ. ૭૦૦ કરોડમાં આરબ પ્રદેશ અબુધાબીમાં તૈયાર થયેલ આ મંદિરમાં હિન્દુ, મુસ્લિમ, શીખ, બૌધ્ધ, ખ્રિસ્તી સહિત તમામ ધર્મની સંસ્કૃતિનો સમાવેશ થાય છે. આ હિન્દુ મંદિર માટે મુસ્લિમ સમાજે જમીન દાન આપી, પારસી ગૃપ કંપની દ્વારા નિર્માણ, મંદિર બાંધકામના આર્કિટેક ખ્રિસ્તી, મંદિરના વહીવટી મેનેજર શીખ અને સમગ્ર ફાઉન્ડેશનની ડિઝાઈન એક બૌધ્ધે કરી છે. આ મંદિર હિન્દુ મંદિર તરીકે ઓળખાય છે. ત્રીજી ટર્મમાં મોદી સરકારે દેશના આગામી ૧૦૦૦ વર્ષના મજબુત અને ઉજજવળ ભવિષ્યનો પાયો નાખશે. અમોએ ગુજરાતની વિધાનસભાની સીટ ૧૪૦+ આવવાની પ્રેસનોટ ગુજરાત વિધાન સભા-૨૦૨૨ ચુંટણીના ડીકલેરેશન પહેલા જ આપી દીધેલ અને તે સમયે ૧૫૬ સીટ આવેલ અને ભારતના લોકપ્રિય યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ ના નેતૃત્વમાં ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની બહુમતી વાળી સરકાર બનેલી છે.

# અમિત શાહ સોમનાથ મહાદેવના શરણે





**મહાદેવના દર્શન કરી ગૃહમંત્રીએ પરિવાર સહિત ધ્વજા પૂજા કરી; પ્રથમ જ્યોતિર્લિંગના ચરણોમાં શીશ ઝૂકાવી ધન્યતા અનુભવી**

કેન્દ્રિય ગૃહમંત્રી અમિતભાઈ શાહે ભક્તિ, ભવ્યતા અને દિવ્યતાના ત્રિવેણી સંગમ સમા પ્રથમ જ્યોતિર્લિંગ એવા દેવાધિદેવ મહાદેવના ચરણોમાં શીશ ઝૂકાવી ધન્યતા અનુભવી હતી. સોમનાથ મહાદેવના દર્શન કરી ગૃહમંત્રીએ પરિવાર સહિત ધ્વજા પૂજા કરી હતી.સોમનાથ ટ્રસ્ટ દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રીનું મોમેન્ટો આપી સ્વાગત કરાયુ હતું. ત્યાર બાદ સોમનાથ મંદિરના પંડિતો અને ઋષિકુમારોના શ્લોકોચ્ચાર વચ્ચે ગૃહમંત્રીએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા અને સોમનાથ મહાદેવ સમક્ષ ગંગાજળનો જળાભિષેક કરીને પૂજા-અર્ચના કરી હતી. આ તકે સાંસદ રાજેશભાઈ ચુડાસમા, સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી જે.ડી. પરમાર, સેક્રેટરી યોગેન્દ્ર દેસાઈ, સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડા સહિત ઝવેરીભાઈ ઠકરાર, મહેન્દ્ર પીઠિયા વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## કેરળમાં એક જ દિવસમાં ૧૬,૦૦૦ સરકારી કર્મચારી નિવૃત્ત! રાજ્ય સરકારની મુશ્કેલી વધી

ભારત હેડલાઈન, તા.૩૧

કેરળમાં ૧૬ હજારથી વધુ સરકારી કર્મચારીઓ નિવૃત્ત થયા છે.



આ સાથે નાણાંકીય સંકટનો સામનો કરી રહેલી રાજ્યની પિનરાઈ વિજયન સરકારની મુશ્કેલી વધી છે. આજે જે ૧૬,૦૦૦થી વધુ સરકારી કર્મચારીઓ નિવૃત્ત થયા છે, તેમાં રાજ્ય સચિવાલય સહિત વિવિધ સરકારી કાર્યાલયોમાં કાર્યરત ડોકટરો, પોલીસ અધિકારીઓ, શિક્ષકો, કારકુનો, ડ્રાઈવરો, પટાવાળા અને અન્ય લોકોનો સમાવેશ થાય છે. જ્યારે ગત વર્ષે ૩૧ મેએ ૧૧,૮૦૦ સરકારી કર્મચારીઓ નિવૃત્ત થયા હતા. કેરળ રાજ્યમાં સેવાનિવૃત્તની વયમર્યાદા ૫૬ વર્ષ છે. રસપ્રદ વાત એ છે કે, એક જ દિવસમાં આટલી મોટી સંખ્યામાં નિવૃત્તિનું કારણ દાયકાઓ પહેલા તેમના માતા-પિતા દ્વારા સ્કૂલ પ્રવેશ વખતે નોંધાવેલી જન્મ તિથિ છે. આટલી મોટી સંખ્યામાં કર્મચારીઓ નિવૃત્ત થતા રાજ્ય સરકારની મુશ્કેલી વછી છે. પિનરાઈ વિજયન સરકાર આર્થિક સંકટ સામે ઝઝુમી રહી છે અને હવે તેમણે ૧૬,૦૦૦ નિવૃત્ત કર્મચારીઓ માટે વધારાના ૯૦૦૦ કરોડ રૂપિયાની વ્યવસ્થા કરવાની છે.

## મોદીની ૪૫ કલાકની સાધના: મોંમાં અન્નનો દાણો નહી, સંપૂર્ણ મૌન પાળવાનું





ભારત હેડલાઈન, તા.૩૧

કન્યાકુમારીના પ્રસિદ્ધિ વિવેકાનંદ રોક મેમોરિયલમાં પીએમ મોદીની ૪૫ કલાકની ધ્યાન સાધના શરૂ થઈ ચૂકી છે. સાધના દરમિયાન વડાપ્રધાન કડક નિયમોનું પાલન કરી રહ્યા છે. ૪૫ કલાકની ધ્યાન સાધના દરમિયાન મોદી માત્ર તરલ (પ્રવાહી) આહાર જ લેશે. તે નારિયેલ પાણી, દ્રાક્ષના રસનું સેવન કરશે.વડાપ્રધાન આ દરમિયાન મૌન વ્રતનું પાલન કરશે અને તેઓ ધ્યાન કક્ષમાં જ રહેશે. આજે તેમના ધ્યાનનો બીજો દિવસ છે. પીએમ મોદીના ધ્યાનનો વિડીયો બહાર આવ્યો છે. વિડીયોમાં પીએમ મોદી ભગવા કુર્તા અને ગમછામાં જોવા મળી રહ્યા છે. મોદી સ્વામી વિવેકાનંદની પ્રતિમા સમક્ષ બેસીને ધ્યાન કરી રહ્યા છે. તેમના હાથમાં માળા છે અને ઓમના અવાજ ગુંજી રહ્યાં છે.

# કલેકટર તંત્ર પર બેવડી જવાબદારીઃ TRP અગ્નિકાંડની તપાસની સાથે લોકસભા બેઠકની મતગણતરીની તૈયારી

• બે ઓબ્ઝર્વર સાંજે રાજકોટ આવી પહોંચશેઃ કાલે ચૂંટણીપંચની વિડીયો કોન્ફરન્સ



ભારત હેડલાઈન, તા.૩૧

રાજકોટ લોકસભા બેઠકની ચૂંટણીની મતગણતરી આગામી તા.૪ના મંગળવારે સવારના આઠ વાગ્યાથી કણકોટની સરકારી ઈજનેરી કોલેજ ખાતે શરૂ થનાર હોય આ અંગેની તમામ તૈયારીઓને જીલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશી દ્વારા આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

મતગણતરી માટે કર્મચારીઓને જરૂરી તાલીમ આપી સજ્જ કરવામાં આવી રહ્યા છે. જેમાં બે ઓબ્ઝર્વર પણ આજે સાંજ સુધીમાં આજે રાજકોટ આવી પહોંચનાર છે. ચુંટણીપંચ દ્વારા ખાસ નિમાયેલા ઓબ્ઝર્વરોની ઉપસ્થિતિમાં જ રાજકોટ લોકસભા બેઠકની જ મતગણતરી કરવામાં આવનાર છે.

આ અંગે આવતીકાલે ચુંટણીપંચ દ્વારા રાજકોટ સહિત રાજયભરના જીલ્લા કલેકટરો અને ચુંટણી અધિકારીઓ સાથે બપોરના ત્રણ કલાકે ખાસ વિડીયો કોન્ફરન્સ આયોજીત કરવામાં આવી છે જેમાં જીલ્લા ચુંટણી અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પુરુ પાડવામાં આવશે.

અહી ઉલ્લેખનીય છે કે, રાજકોટ જીલ્લા કલેકટરતંત્ર હાલ બેવડી જવાબદારી નિભાવી રહ્યું છે. ટીઆરપી ગેમઝોનના અગ્નિકાંડની તપાસની જવાબદારી જીલ્લા કલેકટર પ્રભવ જોશી નિભાવી રહ્યા છે. આ મામલે રાજય સરકારને પણ રિપોર્ટ કરી દેવામાં આવેલા છે.

જે બાદ હવે તેઓ આગામી તા.૪ના થનારી રાજકોટ લોકસભા બેઠકની મતગણતરી પણ તેમના માર્ગદર્શન હેઠળ કરવામાં આવનાર છે. દરમ્યાન આ મતગણતરી માટે ચુંટણીપંચ દ્વારા નિમાયેલા ઓબ્ઝર્વર નરહરીસિંહ બાંગર અને પૃથ્વીરાજસિંહ આજે સાંજે રાજકોટ આવી પહોંચનાર છે.

## પરમેશ્વર ફુંકવાલાએ ઈસ્ટકોસ્ટ રેલ્વેના જનરલ મેનેજરનું પદ સંભાળ્યુ

ભારત હેડલાઈન, તા.૩૧

પરમેશ્વર ફુંકવાલ, આઈ.આર. એમ.એસ.એ. ઈસ્ટ કોસ્ટ રેલવેમાં જનરલ મેનેજરનું પદ સંભાળ્યું છે. તેઓ આઈ.આઈ.ટી. કાનપુરના પૂર્વ વિદ્યાર્થી છે અને



ભારતીય રેલવે એન્જિનિયરીંગ સેવા (આઈ.આર.એસ.ઈ) ના ૧૯૮૮ બેચના અધિકારી છે. દાયકાઓના ઉલ્લેખનીય કાર્યકાળની સાથે, તેમણે ડી.આર.એમ. રાજકોટ, એ.ડી.આર.એમ. અમદાવાદ, અધ્યક્ષ આર.આર.બી. અમદાવાદ અને કાર્યકારી નિદેશક આર.ડી.એસ.ઓ. જેવા કેટલાક મહત્વપૂર્ણ વિભાગોનો કાર્યભાર કુશળતાપૂર્વ સંભાળ્યો છે. ઈસ્ટ કોસ્ટ રેલવેમાં પોતાની નિમણૂંકથી પહેલાં ફુંકવાલ પશ્ચિમ રેલવે, મુંબઈમાં પ્રધાન મુખ્ય એન્જિનિયર તરીકે કાર્યરત હતા. તેમણે આર.ડી.એસ.ઓ. માં પોતાના કાર્યકાળ દરમિયાન ગતિ વધારવા માટે પાટાઓ અને પુલોના ક્ષેત્રમાં નવીન ટેકનોલોજીને રજૂ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. રેલવે એન્જિનિયરીંગ સિવાય, તેમને માનવ સંસાધન કાર્યો, અનુસંધાન અને ડિઝાઈન તેમજ સામાન્ય પ્રશાસનમાં બહોળો અનુભવ છે. તેમણે આંતરરાષ્ટ્રીય પત્રિકાઓમાં ટ્રેક, બ્રિજ અને પર્યાવરણ એન્જિનિયરીંગ અંગે કેટલાક શોધ પત્ર પ્રકાશિત કર્યા છે. તેમણે બેઈજીંગ (ચીન), કાલગામાં ઈન્ટરનેશનલ હેવી હોલ એસોસિએશન (આઈ.એચ.એચ.એ.) સમ્મેલનોમાં પણ શોધ પત્ર રજૂ કર્યા છે.

## લ્યો બોલો.. બાલભવન પણ ફાયર NOC વિના ધમધમતું હતું, બંધ કરાયું

• બાલભવનમાં અગ્નિશામક કોઈ સાધનો ન હતા તેમજ સીસીટીવી સહિતની કોઈ સુવિધા પણ ન હતી : પશ્ચિમ મામલતદાર દ્વારા લેવાયા પગલાં



ભારત હેડલાઈન, તા.૩૧

તાજેતરમાં રાજકોટમાં ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડની ભયંકર દુર્ઘટના બન્યા બાદ સફાળા જાગેલા સરકારી તંત્ર દ્વારા ધડાધડ આગમચેતીના પગલા રૂપે કામગીરી કરી અને પગલા લેવામાં આવી રહ્યા છે. રાજકોટમાં મોટાભાગના ગેમઝોન ફાયર એનઓસી વીના ધમધમતા મોલ, મેળાઓ વગેરે તંત્રએ બંધ કરાવી દીધા છે. અને હજુ પણ સઘન ચેકીંગની કાર્યવાહી ચાલી રહી છે.ત્યારે જીલ્લા કલેકટરની સુચના મુજબ રાજકોટમાં પશ્ચિમ મામલતદાર દ્વારા રાજકોટ શહેરમાં રેસકોર્સમાં આવેલ અને છેલ્લા ઘણા વર્ષોથી ધમધમતા બાલભવનને પણ સલામતીના પગલ રૂપે બંધ કરી દેવામાં આવેલ છે. તેવું મામલતદાર કચેરીના સુત્રોમાંથી જાણવા મળી રહ્યું છે. આ અંગેની મળતી વિગતો મુજબ બાલભવનમાં તંત્ર દ્વારા તપાસ કરાતા સંસ્થા પાસે કોઈ ફાયર એનઓસી ન હતી તેમજ અગ્નિશામકના કોઈ સાધનો ન હતા જયારે સીસીટીવી સહિતની પણ કોઈ સુવિધા ન હતી આથી મામલતદાર તંત્ર દ્વારા બાલભવનને બંધ કરી દેવામાં આવ્યું છે. બાલભવનના તમામ દસ્તાવેજો કબ્જે કરી ટ્રસ્ટ દ્વારા કયાં કયાં પ્રકારની મંજુરીઓ લેવામાં આવી છે તેની તપાસ શરૂ કરાઈ છે. વધુમાં પ્રાપ્ત વિગતો મુજબ પશ્ચિમ મામલતદાર દ્વારા રેસકોર્સ મેદાનમાંથી સલામતીના પગલા રૂપે તમામ રાઈડ્સને પણ બંધ કરાવી દેવાઈ છે.

## આઠ માસના બાળકને પાડોશી પાસે મૂકી ૨૩ વર્ષીય પરિણીતાનો આપઘાત

ભારત હેડલાઈન, તા.૩૧

લાખના બંગલા પાછળ જીવંતીકાનગર મેઈન રોડ પર લાખના બંગલા પાછળ સત્યનારાયણ નગર શેરી નં.૦૩ માં પોતાના આઠ માસના બાળકને પાડોશી પાસે મૂકી ૨૩ વર્ષીય પરિણીતાએ ગૃહકલેશથી કંટાળી ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં ગાંધીગ્રામ પોલીસ દોડી ગઈ હતી પ્રાપ્ત વિગત મુજબ, સત્યનારાયણ નગર શેરી નં.૦૩ માં રહેતી કવિતાબેન મોહિતભાઈ રાઠોડ (ઉ.વ.૨૩) ગઈકાલે રાતે નવ વાગ્યાની આસપાસ પોતે તેના આઠ માસના પુત્ર સાથે ઘરી હતી ત્યારે પોતાના બાળકને ઘર બહાર પાડોશી પાસે રમવા મૂકી આવી પોતાના રૂમમાં પંખાના હુકમાં દોરડું બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

# હરિપ્રબોધમ પરિવાર દ્વારા અગ્નિકાંડના મૃતકો માટે પ્રાર્થનાસભા યોજાઇ




ભારત હેડલાઇન, તા.૩૧

શહેરના ટીઆરપી ગેમઝોનમાં ઘટેલ દુર્ઘટનાને લઈને જ્યારે સમગ્ર રાજકોટ શોકગ્રસ્ત છે ત્યારે બુધવારે હરિપ્રબોધમ્ પરિવાર દ્વારા રાજકોટમાં રાજહંસ પ્લોટમાં યોજાતી અઠવાડિક સભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાઈઓ, બહેનો તથા બાળકોએ આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલાઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને ઇજાગ્રસ્તો તેમજ તેઓના પરિવારજનો માટે ધૂન અને પ્રાર્થના કર્યા હતા. આ શ્રદ્ધાંજલિના કાર્યક્રમમાં હરિપ્રબોધમ્ પરિવારના (મુખ્ય મંદિર - બાકરોલ, વિદ્યાનગર) સંતોની સાથે રાજકોટ સત્સંગ મંડળના વડીલો, અંબરીષ ભક્તો, યુવા કાર્યકર્તાઓ, યુવકો તથા બાળ મંડળના ભૂલકાંઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. બહેનોના વિભાગમાં પણ વડીલ બહેનોની સાથે સહૃદયી બહેનો, યુવતીઓ અને બાલિકા મંડળ જોડાયું હતું.રાજકોટના પ્રાદેશિક સંત પૂજ્ય સર્વાતીતસ્વામીજીએ મૃતકોને પ્રભુ તેમની ગોદમાં બેસાડે અને ઇજાગ્રસ્તોની સારવાર માટે તથા સૌના પરિવારજનોને બળ મળે તે માટે પ્રાર્થના કરી હતી. ત્યારબાદ ઉપસ્થિત સૌએ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન સાથે આ દુર્ઘટનાના સૌ અસરગ્રસ્તો તથા તેમના પરિવારજનો માટે પ્રાર્થના કરી હતી.

# સમસ્ત કોળી સમાજના યુવક-યુવતીઓ માટે જીવનસાથી પરિચય મેળાનું આયોજન કરાયું




## કોળી શક્તિ યુવક મંડળ અને જય વેલનાથ જય માંધાતા ટ્રસ્ટનો સહયોગ

ભારત હેડલાઇન, તા.૩૧

સમસ્ત કોળી સમાજનો જીવનસાથી પરિચય મેળો તા.૯ને રવિવારે સવારે ૮ થી ૨ વાગ્યા સુધી પંડિત દિનદયાલ ઉપાધ્યાય કોમ્યુનીટી હોલ યુનિટ-૧, સેટેલાઇટ ચોક, પેડક રોડ ખાતે યોજાશે. સમગ્ર ગુજરાત રાજયના કોળી સમાજના દિકરા-દિકરીઓને યોગ્ય મનપસંદ જીવનસાથી પાત્ર મળી રહે તે હેતુથી કોળી શક્તિ યુવક મંડળ અમરેલી અને જય વેલનાથ જય માંધાતા ટ્રસ્ટ રાજકોટનાં સંયુક્ત ઉપક્રમે તા.૯ને રવિવારે ૬૮માં જીવનસાથી પરિચય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધીમાં ૧૧૯૯ યુવક-યુવતીઓના બાયોડેટા સંસ્થા પાસે રજીસ્ટર થયેલા છે. સમગ્ર ગુજરાત રાજયભરમાં રહેતા ચુવાળીયા, તળપદા, ઘેડીયા, દિવેચા, સમસ્ત કોળી સમાજના ઉચ્ચ અભ્યાસ કરતા એજ્યુકેશનલ પરિવારોના યુવક-યુવતીઓ માટે જીવનસાથી પરિચય મેળામાં જોડાશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માંગતા યુવક-યુવતીઓ માટે સમસ્ત કોળી સમાજના લગ્નોત્સવ યુવકો ૧૨ થી વધારે અભ્યાસ કરેલ. યુવતીઓ ૧૦ થી વધારે અભ્યાસ કરેલ આ પસંદગી મેળામાં ફોર્મ ભરી ભાગ લઈ શકશે.

નવા ઉમેદવારે અગાઉથી ફોર્મ ભરવાના રહેશે, અગાઉ યોજાયેલા પસંદગી મેળાના ઉમેદવારોએ ફોર્મ ભરવાના નથી તે ઉમેદવારોએ સવારે ૯.૩૦ કલાકે હાજર રહેવાનું રહેશે. બહારગામના નવા ઉમેદવારે ફોર્મ ભરવા માટે સવારે ૮.૩૦ કલાકે હાજર રહેવું. આ તકે ઓનલાઈન ફોર્મ રજીસ્ટ્રેશન કરાવી શકાશે.

આ આયોજનને સફળ બનાવવા કોળી શક્તિ યુવક મંડળ પ્રમુખ રમેશભાઈ ગોહિલ (અમરેલી) અને જય વેલનાથ જય માંધાતા ટ્રસ્ટ પ્રમુખ દેવાંગભાઈ કુકાવા, મહામંત્રી કલ્પેશભાઈ બાવરીયા, શૈલેષભાઈ માલમ, હકાભાઈ સોરાણી, અરૂણાબેન મગવાનીયા તેમજ ટ્રસ્ટના સર્વે હોદેદારો સભ્યોએ જહેમત ઉઠાવી રહ્યાં છે.

# લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે રવિવારે ઝીરો શેડો ડે રાજકોટ કાર્યક્રમ યોજાશે

- બપોરે ૧૨ અને ૪૪ મિનિટે લોકો ટેલિસ્કોપ વડે સૂર્યદર્શન નિહાળશે

ભારત હેડલાઇન, તા.૩૧

સૌરાષ્ટ્ર એજ્યુકેશન ફાઉન્ડેશન અને ઓ.વે.શેઠ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રની બિગબેંગ એસ્ટ્રોનોમી કલબ દ્વારા રવિવારે બપોરે ૧૨.૩૦ થી ૧ વાગ્યા સુધી ઝીરો શેડો ડે રાજકોટ કાર્યક્રમનું આયોજન લોકવિજ્ઞાન કેન્દ્ર રેસકોર્સ ખાતે કરવામાં આવ્યું છે. તા.૨ જૂન રવિવારે એ રાજકોટ માટે ઝીરો શેડો ડે છે અને આ દિવસે બરાબર સૂર્ય એકદમ મધ્યાહને પહોંચી જવાથી બધી વસ્તુઓના પડછાયા થોડી સેકન્ડ માટે અદ્રશ્ય થઈ જશે. ઝીરો શેડો ડે એટલે શું ? શા માટે ઉજવવામાં આવે, ઝીરો શેડો ડે એટલે એ દિવસ જ્યારે સૂર્ય મધ્યાહન સમયે થોડી સેકેડ માટે માથા પર આવી જતો હોવાથી વસ્તુઓનો પડછાયો થોડાં સમય માટે અદ્રશ્ય બની જાય છે. ઝીરો શેડો દિવસની તારીખ જે-તે જગ્યાના અક્ષાંશ પર આધારિત હોય છે. માટે રાજકોટના અક્ષાંશ પ્રમાણે ઝીરો શેડો ડે ૨,૩ જૂન અને ૯,૧૦ જુલાઈના રોજ આકાર લે છે. સામાન્ય રીતે લોકોમાં ખોટી માન્યતામાં હોય છે કે મધ્યાહન સમયે સૂર્ય બરાબર માથા પર હોય છે. પરંતુ હકીકતમાં મધ્યાહન સમયે સૂર્ય દરેકના સ્થાનના અક્ષાંશ પ્રમાણે માથાથી કાંતો ઉત્તર અથવા દક્ષિણમાં હોય છે. જો સ્થાન કર્કવૃતથી મકરવૃત વચ્ચે ક્યાંક છે તો વર્ષમાં માત્ર બે દિવસ એવા હશે કે સૂર્ય મધ્યાહન સમયે માથા પર આવશે. જો તમે કર્કવૃતથી ઉત્તરમાં રહો છો (ઉત્તર અમેરિકા, યુરોપ વગેરેમાં) તો મધ્યાન સમયે સૂર્ય જે-તે વ્યક્તિના મસ્તિષ્કથી દક્ષિણ તરફ રહેશે.આમ રાજકોટ ઝીરો શેડો ડે ની ઉજવણીમાં સૂર્ય ભારતીય સમય પ્રમાણે ૧૨ અને ૪૪ મિનિટે મધ્યાહને જોવા મળશે.ઝીરો શેડોના નિદર્શન કાર્યક્રમમાં ટેલિસ્કોપ વડે સૂર્ય દર્શન નિહાળી શકાય તે પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે.



# ૩૧ મે સુધીમાં રૂ. ૨૧૪.૫૧ કરોડનો વેરો ભરાયો, રૂ. ૨૧ કરોડથી વધુ ડિસ્કાઉન્ટ અપાયું

રાજકોટ મનપા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ મિલકતવેરો તથા પાણી વેરાની ભરપાઇ કરવા માટે તા. ૮ એપ્રિલ ૨૦૨૪થી વેરો વસુલવાની કામગીરી શરૂ થઈ હતી. જેમાં આજે ૩૧ મેનાં બપોરે ૧૧ વાગ્યા સુધીમાં ૨,૯૯,૦૬૯ કરદાતાઓ દ્વારા કુલ રૂ.૨૧૪.૫૧ કરોડ જેટલા વેરાની ભરપાઇ થઈ છે. જેમાં ઓફલાઇન (કેશ તથા ચેક) કુલ ૮૨,૨૧૧ કરદાતાઓએ રૂ. ૮૦.૭૧ કરોડ અને ઓનલાઇનના કુલ ૨,૧૬,૮૫૮ કરદાતાઓએ રૂ. ૧૩૩.૮૦ કરોડનાં વેરાની ભરપાઇ કરી છે. કુલ વસુલ કરેલ રકમ પર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રૂ. ૨૧.૪૫ કરોડનું ડિસ્કાઉન્ટ અપાયું છે. હાલમાં જે ૧૦% અને ૧૫% ડિસ્કાઉન્ટ સ્કીમ ચાલુ હતી તેનો આજે છેલ્લો દિવસ છે.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડીર–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭
Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

# સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા ગેમઝોન દુર્ઘટનાના મૃતકોની શાંતિ અર્થે પ્રાર્થના સભા યોજાઈ




ભારત હેડલાઇન, તા.૩૧

તાજેતરમાં રાજકોટમાં બનેલ ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડમાં હતભાગી બનેલા દિવ્ય આત્માઓના આત્માની શાંતિ માટે તા. ૩૦ ના રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા રાજકોટની ન્યુ એરા સ્કૂલ ખાતે સાંજે ૦૬:૦૦ કલાકે એક વિશેષ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વનિર્ભર શાળા સંચાલક મંડળની કોર કમિટીના સભ્યો, કારોબારી સદસ્યો તથા શાળા સંચાલકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને ભજન અને મૌન રાખી આત્માઓની શાંતિ માટે પ્રાર્થના કરી હતી અને શાબ્દિક શ્રદ્ધાંજલિ પાઠવી હતી. આ પ્રાર્થનાસભામાં ગુજરાત સ્વનિર્ભર શાળા સંચાલક મહા મંડળના ઉપપ્રમુખ જતીનભાઈ ભરાડે, ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડમાં હોમાઈ ગયેલા લોકોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

ત્યારબાદ રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ ડી.વી. મેહતાએ આ ઘટનાને વખોડી અને ભોગ બનેલા ભૂલકાઓ અને લોકોના આત્માને પ્રભુ તેના શરણમાં સ્થાન આપે અને શાંતિ આપે તેવી પ્રાર્થના કરી હતી. તથા તેમના પરિવારજનોને આવી પડેલી મુશ્કેલીઓને સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કરી હતી.

આ તકે જાણીતા હાસ્યકાર અને કવિ સાઈરામભાઈ દવેએ શ્રદ્ધાંજલિ પાઠવતા તેમણે કાવ્યત્મક શૈલીમાં દરેકને ભાવવિભોર કરતા શબ્દો દ્વારા તમામ દિવ્યાંગત આત્માઓને શ્રદ્ધાંજલિ પાઠવી હતી અને સ્વનિર્ભર શાળા સંચાલ મંડળને આ પ્રાર્થના સભાનું આયોજન કરવા બદલ બીરદાવ્યા હતા. તેમણે ઘટનાનો ભોગ બનેલા બાળકોની સલામતીના પગલા રૂપે કાર્ય કરવું જોઈએ તેવા વિચારો રજૂ કરી સાંત્વના અને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. આ ઉપરાંત ડી.વી. મહેતાએ તમામ સંચાલકોને ગુજરાત બોર્ડની તમામ સ્કૂલોમાં સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ વેકેશનનું સમયપત્રક અનુસરવા માટે સુચન કર્યું હતું.

જે મુજબ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના બાલમંદિરથી ધોરણ ૧૨ નું નવું શૈક્ષણિક વર્ષ આગામી ૧૩ જૂનના રોજ શિક્ષણવિભાગના આદેશ અનુસાર શરૂ કરવાનું રહેશે તેવું સરવાનુમતે નક્કી કરવામાં આવેલું. ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડનો ભોગ બનેલા તમામ દિવ્યાત્માઓની શાંતિ માટે રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ ડી.વી.મહેતા, મહામંત્રી પરીમલભાઇ પરડવા, મહામંત્રી પુષ્કરભાઈ રાવલ, ઉપપ્રમુખ અવધેશભાઈ કાનગડ, ઉપપ્રમુખ ડો. ડી.કે.વડોદરીયા, ઉપપ્રમુખ સુદિપભાઈ મહેતા, સૌરાષ્ટ્ર ઝોન કન્વીનર જયદિપભાઈ જલુ, મેહુલભાઈ પરડવા, વિપુલભાઈ પાનેલીયા, સંદીપભાઈ છોટાળા, રાજય મહામંડળના પ્રમુખ ભરતભાઈ ગાજીપરા, ઉપપ્રમુખ જતીનભાઇ ભરાડ અને મહામંત્રી અજયભાઈ પટેલ તેમજ મંડળના કોર કમિટી, કારોબારીના સદસ્યો, તમામ ઝોન ઉપપ્રમુખ, મહામંત્રીએ પ્રાર્થના અને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.

# રાજગોર બ્રાહ્મણ માટે રાજ રાજેશ્વર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

- **ફોર્મ વિતરણ શરૂ : પ્રમુખ ઇન્દ્રનીલભાઈ રાજગુરૂના અધ્યક્ષ સ્થાને કરાયું આયોજન**

ભારત હેડલાઇન, તા.૩૧

શ્રી રાજરાજેશ્વેર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આગામી સમય દરમિયાન રાજગોર બ્રાહ્મણ – (કાઠીગોર) ના છઠ્ઠા જીવનસાથી પસંદગી સંમેલનનું સંસ્થાના પ્રમુખ ઈન્દ્રનીલભાઈ રાજગુરુના અધ્યક્ષ સ્થાને રાજકોટ ખાતે આયોજન કરવામાં આવેલ છે. આ પસંદગી સંમેલન ના ફોર્મનું વિતરણ શરૂ કરાયેલ છે. આ પસંદગી સંમેલનમાં જોડાવા લગ્ન ઈચ્છુક યુવક – યુવતીઓના વાલીઓને ફોર્મ મેળવી લેવાના રહેશે. સંસ્થા દ્વારા પસંદગી સંમેલન માટે નિયત કરાયેલ ફોર્મમાં યુવક – યુવતીનું પૂરું નામ, પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ, જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વ્યવસાય, માસિક આવક, વજન, ઊંચાઈ, સંપર્ક નંબર, માતા-પિતાનું પૂરું નામ, કુટુંબના સભ્યોની વિગત વગેરે માંગવામાં આવેલ છે. આ પસંદગી સંમેલન માટે ફોર્મ મેળવવા તથા ફોર્મ ભરીને પરત કરવા માટે શ્રી બ્રહ્મસંગમ કાર્યાલય, ૨૧/૨૨, ન્યુ જાગનાથ, સ્પેસ કોમ્પ્લેક્ષ, બીજા માળે, રોયલ કેસર એપાર્ટમેન્ટની સામે, રાજકોટ ખાતે સવારે ૧૦ થી ૧ અને સાંજે ૫ થી ૮ દરમિયાન સંપર્ક કરવાં જણાવાયું છે. આ પસંદગી સંમેલનના સફળ આયોજન માટે સંસ્થાના ઉપપ્રમુખ જતીનભાઈ ભરાડ, મહામંત્રી ધીરૂભાઈ મહેતા તથા કન્વીનર લલિતભાઈ ધાંધિયા તથા સહ કન્વીનર ભુપતભાઈ મહેતા, ગોરધનભાઈ બામટા, તૃપ્તિબેન જોશી, યોગેશભાઈ મહેતા, નરેશભાઈ મહેતા વગેરેના માર્ગદર્શન હેઠળ આયોજન સમિતિના સતીષભાઈ તેરૈયા, રમેશભાઈ રવિયા, જયેશભાઈ જોષી, દર્શનાબેન જોષી, જયશ્રીબેન મહેતા, જાગૃતિબેન મહેતા, રેખાબેન મહેતા, ગીજુભાઈ જોષી, રમેશભાઈ મહેતા, જયેશભાઈ દવે, પ્રવીણભાઈ સાંકળિયા, અનિલભાઈ જોષી, મનીષભાઈ બામટા, પ્રજ્ઞેશભાઈ મંડિર તથા મહેન્દ્રભાઈ જોષી વગેરે જહેમત ઉઠાવી રહેલ છે.

# રાજકોટ ચેમ્બર દ્વારા રીન્યુએબલ પોલીસીના અમલ અંગે G.R. બહાર પાડવા રજૂઆત

- **લાભાર્થી કારખાનેદારોને આ પોલીસીનો લાભ ન મળતો હોવાની ઉઠી ફરીયાદો**

ભારત હેડલાઇન, તા.૩૧

ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ગુજરાત રીન્યુએબલ એનર્જી પોલીસી ૨૦૨૩ના અમલ અંગે જી.આર.બહાર પાડવા એનર્જી એન્ડ પેટ્રોકેમીકલ્સ વિભાગના જો સેક્રેટરીને લેખીત રજુઆત કરવામાં આવી છે. તાજેતરમાં ગુજરાત સરકારના એનર્જી એન્ડ પેટ્રોકેમીકલ્સ વિભાગ દ્વારા જી.આર.નં.REN/e-File/૨૦/૨૦૨૩/૦૪૭૬/ઈ૧ થી ગુજરાત રીન્યુએબલ એનર્જી પોલીસી - ૨૦૨૩ - ૨૦૨૩ તા.૪-૧૧-૨૦૨૩ના જાહેર કરવામાં આવેલ જે-તે સ્થળ પરના અધિકારીઓ દ્વારા ઉદ્યોગકારોને મળવા પાત્ર થતા લાભો અમલવાહીના અભાવને કારણે મળી શકતા નથી અને જાહેર કરેલી પોલીસીના અમલીકરણ અંગે હજુ સુધી સરકાર દ્વારા પરીપત્ર માધ્યમથી સ્થાનીક કચેરીઓને કે અધિકારીઓને લાભાન્વીત યુનીટોને લાભ આપવા બાબતે વિગતવાર માહિતી આપી નથી.આ પરિપત્ર થકી લાભાર્થી કારખાનેદારોને આ પોલીસોનો લાભ મળી શકતો નહોવાથી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ગુજરાત સરકારના એનર્જી એન્ડ પેટ્રોકેમીકલ્સ વિભાગ જોઈન્ટ સેક્રેટરી ભકિત શામલને પત્ર દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા અગ્નિકાંડના મૃતકોને શ્રદ્ધાંજલી આપવા પ્રાર્થનાસભાનું આયોજન કરાયું

ભારત હેડલાઇન, તા.૩૧

કાલાવાડ રોડ પર આવેલ ટીઆરપી ગેમઝોનમાં ભયાનક આગ લાગવાથી દુર્ભાગ્યપુર્ણ ઘટના સર્જાઈ હતી. આ ઘટના બનવાથી રાજકોટના દરેક લોકોના હૃદય કંપી ઉઠ્યા છે. આ ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના આત્માને શાંતી મળે તે માટે શ્રદ્ધાંજલી આપવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પ્રાર્થનાસભાનું તા.૧ જૂનને શનિવારના રોજ સાંજના ૪:૩૦ થી ૬ દરમ્યાન રાષ્ટ્રીય શાળા પ્રાર્થના ખંડ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

### તા.૨૪ ઓગસ્ટથી પાંચ દિવસ આયોજનઃ રેસકોર્સમાં નહીં યોજાય

# રાજકોટમાં હજુ અગ્નિકાંડના ધુમાડા શમ્યા નથી ત્યાં જન્માષ્ટમીનો મેળો યોજવા માટે કવાયત

- **લોકમેળો, સ્થળ બદલાશે : નવી જગ્યા શોધવા મામલતદારોને દોડાવતું કલેક્ટર તંત્ર**
- **TRP અગ્નિકાંડના પગલે નવું સ્થળ શોધવા દક્ષિણ, પશ્ચિમ અને પૂર્વ મામલતદારને જવાબદારીઃ નવા દોઢસો ફૂટ રીંગ પરના અટલ સરોવર પાસે સ્થળ પસંદગી થવાની શકયતા : પખવાડીયામાં બેઠક**

ભારત હેડલાઈન, તા.૩૧

ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના પગલે મ્યુનિ. કોર્પો.ની સાથે રાજકોટ જીલ્લા વહીવટી તંત્ર પણ એકશન મોડમાં આવી જવા પામેલ છે. જેમાં જન્માષ્ટમીના ભાતીગળ લોકમેળાનું સ્થળ બદલવા માટે રાજકોટ કલેકટર તંત્ર દ્વારા તજવીજ શરૂ કરવામાં આવી છે. લોકમેળાનું નવું સ્થળ શોધવા માટે શહેરના દક્ષિણ, પશ્ચિમ અને પૂર્વ મામલતદારને જવાબદારી સોપી દેવામાં આવી છે. જન્માષ્ટમીના ભાતીગળ લોકમેળો ચાલુ વર્ષે તા.૨૪ ઓગસ્ટથી પાંચ દિવસ આયોજીત કરવામાં આવેલ છે. આ માટે કલેકટર તંત્ર દ્વારા એકાદ પખવાડીયામાં જ બેઠક બોલાવવામાં આવનાર છે. ટીઆરપી ગેમઝોનના અગ્નિકાંડના પગલે લોકમેળાનું નવું સ્થળ શોધવા માટે પ્રાંત-૧ અધિકારી ડો.ચાંદની પરમાર દ્વારા શહેરના દક્ષિણ, પશ્ચિમ અને પૂર્વ મામલતદારને વિશેષ જવાબદારી સોપવામાં આવી છે. અહીં એ ઉલ્લેખનીય છે કે, અગાઉ શહેરના શાસ્ત્રી મેદાનમાં જન્માષ્ટમીનો લોક મેળો આયોજીત કરાતો હતો



ત્યાર બાદ ત્યાંથી લોકમેળાનું સ્થળ બદલાવી રેસકોર્સ ગ્રાઉન્ડ કરવામાં આવેલ હતું. લોકમેળામાં ૧૨ થી ૧૫ લાખની જનમેદની ઉમટી પડતી હોય હવે રેસકોર્સ ગ્રાઉન્ડ પર ટુંકુ પડી રહ્યું છે. આ સંજોગોમાં સાવચેતીના પગલા રૂપે અને કોઈ દુર્ઘટના ન ઘટે તે માટે લોકમેળા માટે નવા સ્થળની પસંદગી કરવા માટે કવાયત શરૂ કરી દેવામાં આવી છે. જેમાં નવા દોઢસો ફૂટ રીંગ રોડ પર અટલ સરોવરની પાસે લોકમેળાના નવા સ્થળની પસંદગી ઉતારાય તેવી શકયતા રહેલી છે. અહીં એ ઉલ્લેખનીય છે કે ટીઆરપી ગેમઝોનના અગ્નિકાંડના પગલે રાજય સરકાર દ્વારા તમામ મેળાઓ બેમુદ્દતી બંધ કરવાનો આદેશ આપેલ છે. જયારે હવે ખાનગી મેળાઓ પર પણ કડક નિયંત્રણો મુકાવાની શકયતા રહેલી છે. મેળામાં યાંત્રિક રાઈડ્સ રાજય સરકારની નવી ગાઈડલાઈન મુજબ જ મુકવામાં આવે તેવી સંભાવના છે. આ ઉપરાંત લોકમેળામાં એન્ટ્રી ગેટ વધારવા તેમજ યાંત્રિક રાઈડ્સ માટે ઈલે. વિભાગની મંજુરી લેવી આવશ્યક છે. આ માટે રાજય સરકાર દ્વારા અલગથી ખાસ ગાઈડલાઈન જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

## ટૂંકમાં જ યાંત્રિક રાઈડ્સ અને ગેમઝોન માટે અતિ આકરા અને નવા નિયમો આવશે


### નવી એસ.ઓ.પી. માટે હાલ તૈયારીનો ધમધમાટ શરૂ

રાજકોટમાં ટી.આર.પી. ગેમઝોનની ભયંકર દુર્ઘટના બાદ હવે સરકાર સફાળી જાગી છે. અને ટુંક સમયમાં જ યાંત્રિક રાઈડ્સ અને ગેમઝોન માટે અતિ આકરા અને નવા નિયમો આવી રહ્યાનાં ટોપ લેવલના સરકારી સૂત્રો માંથી નિર્દેશો મળી રહ્યા છે.હવે પછી જયારે, મનોરંજક મેળ્વા યોજાય કે, નવા ગેમઝોન બને તેઓને અતિ આકરા નિયમોનું પાલન કરવાની તૈયારી રાખવી પડશે. આ અંગે માર્ગ મકાન વિભાગનાં ટોચનાં અધિકારી સૂત્રો માંથી મળતી વધુ વિગતો મુજબ યાંત્રિક રાઈડ્સ અને ગેમઝોન માટે હવે નવી જ એસ.ઓ.પી તૈયાર થઈ રહી છે. જૂના નિયમોમાં શુ ફેરફાર કરવો? અને નવા નિયમો કયા-કયા બનાવવા તે અંગેની એસ.ઓ.પી.હાલ ગૃહ વિભાગ કક્ષાએ તૈયાર થવા લાગી છે. અને આ તૈયારીઓ રાજય માર્ગ મકાન વિભાગનાં માર્ગદર્શન હેઠળ થઈ રહી છે.

## અગ્નિકાંડની ચિચિયારીઓ બાદ સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ સુમસામ

ભારત હેડલાઈન, તા.૩૧

રાજકોટમાં શનિવાર તા.૨૫/૫ ના રોજ સાંજે પાંચ વાગ્યા બાદ કાલાવડ રોડ, સયાજી હોટલ પાછળ, ટીઆરપી ગેમ ઝોનમાં આગ ભભૂકી



ઉઠી હતી. જેમાં અત્યાર સુધીમાં ૨૭ લોકોના મોત થયાનું ચિત્ર સામે આવ્યું હતું. જયારે બનાવ બન્યો ત્યારે મૃતદેહો રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી રહ્યા હતા. પીએમ પછી આ મૃતદેહો કોલ્ડ સ્ટોરેઝમાં રખાયા હતા. જેને લઈ સિવિલ હોસ્પિટલમાં હજારો લોકો એકઠા થયા હતા. નાગરિકો ઉપરાંત જેને સ્વજનો ગુમાવ્યા તે પરિવારોનો આક્રંદ સાંભળવા મળતો હતો. લોકોનો આક્રોશ પણ સાંભળવા મળતો હતો. પોલીસ સાથે રકઝક, ઘર્ષણ કરતા લોકો પણ જોવા મળતા હતા. જોકે પોલીસ કિલ્લો બનેલી સિવિલ હોસ્પિટલ આજે સુમસામ ભાસી રહી હતી. સિવિલના કમ્પાઉન્ડમાં અને પીએમ રૂમ પાસે દુઃખદ હોનારત બાદની ગમગીની છવાયેલી જોવા મળી હતી.

## રોટરી કલબ ઓફ રાજકોટ મિડ ટાઉન દ્વારા એક મહિના સુધી વિનામૂલ્યે દાંતના ચોકઠાનું વિતરણ કરાશે

ભારત હેડલાઈન, તા.૩૧

રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન દ્વારા આગામી તા.૩જીના સોમવારથી જાહેર જનતા માટે વિનામૂલ્યે દાંતના ચોકઠા (બત્રીસી)નું વિતરણ કરવાનો કેમ્પ એક મહિના માટે યોજવામાં આવેલ છે. આ નિઃશુલ્ક કેમ્પમાં વિનામૂલ્યે દાંતના ચોકઠા ડેન્ટલ સર્જનો દ્વારા જરૂરતમંદોને બેસાડાશે. આ અંગે રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉનના પ્રમુખ અનિલભાઈ જસાણી, સેક્રેટરી શૈલેષભાઈ દેસાઈ, ડો. નિલેશ રાવલ તથા ડો. ભુષણ કાલરીયા વગેરેએ માહિતી આપી હતી. તા.૩જી ના સોમવારથી નિઃશુલ્ક કેમ્પનો પ્રારંભ થશે. દરરોજ સોમથી શનિ સવારે ૯ થી ૧૧ તથા સાંજે ૪ થી ૬ દરમ્યાન લાભ લઈ શકાશે. ઉપરોક્ત કેમ્પ રોટરી લલિતાલય હોસ્પીટલ, ૬, ગીત ગુર્જરી સોસાયટી, પેટ્રીયા સ્યુટસ હોટલની સામેનો રોડ, એરપોર્ટ રોડ, રાજકોટ ખાતે યોજાયેલ છે. શહેરના નામાંકિત ડેન્ટલ સર્જન ડો. ભૂષણ કાલરીયા, ડો. નિલેશ રાવલ, ડો. ધરા ધોળકીયા, ડો. કેરવી જીવરાજાની વગેરે અહીં ડાયાબીટીસ સેન્ટરના ડેન્ટલ વિભાગમાં સેવા આપી રહ્યા છે. અહીંના ડેન્ટલ કલીનીકમાં નજીવા દરે બધી જ અદ્યતન સારવાર તથા નિદાન થાય છે. રોટરી લલિતા હોસ્પીટલ દ્વારા નિયમીત રીતે સમાજના સેવાકાર્યો થતા રહે છે. તાજેતરમાં જ જરૂરીયાતમંદ એવા ૧૨૦ લોકોને વિનામૂલ્યે બત્રીસી (ચોકઠા) આપવામાં આવેલા હતા.તેમજ હોમ કલેકશનની સુવિધા છે. અહીં ડો. ખુશ્બુ ડોડીયા, ડો. રોનક મણિયાર, ડો. લજજા શેઠ વગેરે સેવા આપે છે. આ હોસ્પીટલ ૧૮ હજાર સ્કે.ફૂટમાં ગુજરાતની સર્વ પ્રથમ એક અતિ આધુનિક ડાયાબીટીસને સમર્પિત રોટરી લલિતાલય હોસ્પીટલનું નિર્માણ કરાયું છે. વિશેષ વિગતો માટે મો. નં. ૯૪૦૯૩ ૩૦૦૩૪, ૯૪૦૯૩ ૩૦૦૩૫ નો સંપર્ક કરવાં જણાવાયું છે.